# પ્રેસ નોટ

## અમદાવાદ શહેર વિસ્તારમાંથી ચોરીના વ્હિકલ ઉપર એકલી સ્ત્રીઓના પાકીટોની સ્નેચીંગ કરતા ઈસમને ઝડપી પાડી અનડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેમજ મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.આર મોથલીયા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના પો.ઈન્સ. શ્રી એન.આર. બ્રહ્મભટ્ટ નાઓના સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.જી. ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરના સરદાર પટેલના બાવલા નજીકથી એક ઈસમ બ્રિજેશ @ લંબુ સ/ઓ રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ ઉ.વ.૩૮ ધંધો દલાલી રહે. બી-૯, શિવકૃપા સોસાયટી, નવયુગ સ્કુલની બાજુમાં, નવા નરોડા, અમદાવાદ શહેરનાને તા.૨૨/૦૮/૨૦૧૯ ના કલાક ૧૩/૪૫ વાગ્યે બાતમી આધારે પકડી સદરી પાસેથી એક સુઝુકી સિલ્વર કલરની એક્ષેસ ગાડી નં. GJ-01-PD-9263 ની કિ.રૂ. ૨૦,૦૦૦/- ની ગણી કબજે કરવામાં આવેલ અને સદરી આરોપીની સઘન પુછપરછ કરતા સદરી ઈસમે મળી આવેલ સુઝુકી એક્ષેસ ગાડી પાલડી વિસ્તારમાંથી ચોરી કરી તે ગાડી ઉપર સરદાર પટેલના બાવલાથી લાડલી શો રૂમ જવાના રોડ ઉપર એક બેનના ખભે લટકાવેલ ખેંચી લઈ ભાગી ગયેલ હોય જે બાબતે નીચે મુજબના ગુન્હા દાખલ થયેલ છે.

(૧) પાલડી પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૬૨/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો વાહન ચોરીનો.

(૨) નારણપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૬૪/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯(એ)૩ મુજબ નો ચીલ ઝડપનો.

આમ સદરી આરોપીને અટક કરી અમદાવાદ શહેરના બે અનડીટેક્ટ ગુન્હા ડીટેક્ટ કરવામાં આવેલ છે.

સદરી આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ જોતા અગાઉ સોલા, શહેરકોટડા, દરિયાપુર, બાપુનગર, માધવપુરા, નરોડા, વાડજ પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીઓના ગુનાઓમા પકડાયેલ છે, અને એક વાર પાસા જેલ પણ ભોગવેલ છે. સદરી આરોપીને વધુ તપાસ અર્થે નારણપુરા તથા પાલડી પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરેલ છે.